# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૨/ક્વા-૪/૨૦-૨૧/૪૩૫૦-૧** **તા.૨૦/૦૭/૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF)**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૩૨/ક્વા-૪/૨૦-૨૧**

અરજદાર : દીપકકુમાર જે. ગીડા, ઉપપ્રમુખ નગરપાલિકા-જસદણ ગામ: જસદણ
પેટા વિભાગીય કચેરી : જસદણ
રજૂઆત કરનાર : અરજદારશ્રી દીપકકુમાર જે. ગીડા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ
રજૂઆત કરનાર : કા.વા. કાર્યપાલક ઈજનેર શ્રી એ.ડી.સૈયદ પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ તથા નાયબ ઈજનેર શ્રી આર.એસ.ચૌધરી પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – જસદણ અને નાયબ ઈજનેર એમ.કે.અછનાની પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – આટકોટ

## :: કોરમ ::

**૧)** ચેરપર્સન **-** શ્રી જે.બી**.** પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર **-** શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: **૧૩-૦૭-૨૧ (**મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫/૦૬/૨૦૨૧ **(**શુક્રવાર**)** ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં કાર્યપાલક ઈજનેર શ્રી એસ.જી.દત્તાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી જસદણ અને તેમની સાથે શ્રી એ.ડી.સૈયદ નાયબ ઈજનેર શ્રી પીજીવીસીએલ વિભાગીય કચેરી જસદણ હાજર રહેલ હતા તેમજ અરજદાર હાજર રહેલ ન હતા. જેથી અરજદારને સુનાવણી માટેની વધુ તક આપવા સદર કેઈસની સુનાવણી તા.૧૩-૦૭-૨૧ **(**મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે જસદણ નગરપાલિકા માટે ઘણા વર્ષો થી બાખલવડ ગામ ખાતે પાણી પુરવઠાના બે વીજજોડાણ આવેલા છે. સદર બંને વીજજોડાણ અનુક્રમે ગ્રાહક નં. (૧) ૩૪૯૦૧/૦૭૧૩૩/૫ અને (૨) ૩૪૯૦૧/૦૮૭૬૪/૯ થી બાખલવડ ગામ ખાતે હયાત છે. અરજદાર જણાવે છે કે બાખલવડ ગામ આટકોટ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતું હોય સદર બંને વીજજોડાણમાં આટકોટ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં રહેલ દેવ **JGY** ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે પરંતુ સદર બન્ને વીજજોડાણનું બિલીંગ જસદણ પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે.

બાખલવડ ગામનું સંપૂર્ણ બિલીંગ પણ આટકોટ પેટાવિભાગીય કચેરીના દ્વારા કરવામાં આવે છે. પરંતુ હાલના સમય સુધી સદર બંને વીજજોડાણોના સમારકામ તથા ફરિયાદનું નિવારણ પણ જસદણ પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે. વધુમાં જસદણથી બાખલવડ ગામનું અંતર ૦૬ કી.મી. જેવું થાય છે. તેમજ ચોમાસાની ઋતુમાં જસદણની પ્રજાની પાણીની સગવડતા માટે અવાર–નવાર સદર વીજજોડાણોમાં ફોલ્ટ ઉભો થાય ત્યારે ફોલ્ટ દુર કરવા માટે અગવડતા ઉભી થાય છે. સદર બાબતે અરજી તા.૦૧.૯.૨૦૨૦ થી સદર બંને વીજજોડાણોને કાયમ માટે જસદણ પેટાવિભાગીય કચેરી ખાતેથી આટકોટ પેટાવિભાગીય કચેરી ખાતે શિફ્ટ કરી આપવા તથા બિલીંગ અને ફોલ્ટ વગેરે કામગીરી પણ આટકોટ પેટાવિભાગીય કચેરી હેઠળ ફેરબદલ કરી આપવા અરજદાર દ્વારા રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પાણી પુરવઠાના વિજજોડણોની પેટા વિભાગીય કચેરી બદલવા અંગે શ્રી દીપકકુમાર જે. ગીડા, ઉપ પ્રમુખશ્રી, નગરપાલિકા, જસદણની રજૂઆત અનુસંધાને જણાવેલ કે જસદણ પેટા વિભાગીય કચેરી દ્વારા જસદણ શહેરથી આશરે ૦૩ કિ.મી. દૂર આવેલ બાખલવડ ગામમાં પાણી પુરવઠા માટે આલણ-સાગર ડેમમાં નીચે જણાવેલ બે વીજ જોડાણો આપવામાં આવેલ છે.

| ક્રમ | ગ્રાહકશ્રી નું નામ | વીજજોડાણ નંબર | વીજભાર | વીજજોડાણની રીલીઝ તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પ્રમુખશ્રી જસદણ નગરપાલિકા | ૩૪૯૦૧-૦૭૧૩૩-૫ | ૫૦ હો.પા. | ૧૯-૧૨-૨૦૦૮ |
| ૨ | પ્રમુખશ્રી જસદણ નગરપાલિકા | ૩૪૯૦૧-૦૮૭૬૪-૯ | ૨૫ હો.પા. | ૧૦-૧૨-૧૯૯૭ |

સદર બન્ને પાણી પુરવઠાના વીજજોડાણો આટકોટ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળનાં બાખલવડ ગામે આવેલ છે. સદર જોડાણોને ૬૬ કે.વી. ગઢડીયા સબસ્ટેશન માંથી નીકળતા ૧૧ કે.વી. દેવ જે.જી.વાય ફિડર દ્વારા વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે. સદર બંને વીજજોડાણોનો મુખ્ય હેતુ “આલણ સાગર” ડેમ માથી જસદણ ગામમા “જીલેશ્વર પાર્ક” માં આવેલ પાણીના ટાંકા સુધી પાણી પહોચાડવાનો છે તથા ત્યાંથી પાણીનો પુરવઠો આખા જસદણ શહેરમાં પૂરો પાડવામાં આવે છે.

૩.૧ ઉપરોક્ત બંન્ને વીજજોડાણો જસદણ શહેરની પાણી અંગેની પ્રાથમિક જરૂરિયાત પૂરી પાડવા માટે ઉપયોગમાં લેવાય છે. તેમજ સદર બંન્ને વીજજોડાણો પ્રમુખશ્રી નગરપાલિકા જસદણ દ્વારા જ જસદણ પેટા વિભાગીય કચેરી ખાતેથી માંગવામાં આવેલ હતા. ઉપરોક્ત બન્ને વીજજોડાણોના લોડ સાઈડનું સંપૂર્ણ સંચાલન જસદણ

નગરપાલિકા દ્વારા જ કરવામાં આવે છે. તેમજ હાલમાં પણ સદર બન્ને વીજજોડાણોનું નિભાવ-કાર્ય નાયબ ઇજનેર પેટા વિભાગીય કચેરી જસદણ દ્વારા જ કરવામાં આવે છે.

૩.૨ હાલ જસદણ અને આટકોટ પેટા વિભાગીય કચેરીની આકડાકીય માહિતી નીચે મુજબ છે.

| વિગત | જસદણ પે. વી. કચેરી | આટકોટ પે. વી. કચેરી |
|---|---|---|
| ક્ષેત્રફળ | ૧૪૬.૫૫ ચો.કીમી | ૪૬૫.૦૩ ચો.કીમી |
| એચ.ટી લાઇન | ૮૩૭.૮૧ કી.મી | ૧૮૩૮.૪૧ કી.મી |
| એલ.ટી લાઇન | ૪૮૦.૦૪ કી.મી | ૧૦૬૪.૯૧ કી.મી |
| ટ્રાન્સફોર્મર સેન્ટર | ૪૪૬૨ નંગ | ૧૦૬૫૧ નંગ |
| કુલ વીજ ગ્રાહકો | ૨૩૬૯૪ નંગ | ૨૬૪૮૫ નંગ |
| કાયમી ધોરણે કપાયેલ વીજ ગ્રાહકો | ૧૯૮૪ નંગ | ૩૭૩૬ નંગ |

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે સદર પેટાવિભાગીય કચેરીનો કાર્યભાર જોતાં આ બન્ને વીજજોડાણો જસદણ પેટા વિભાગીયના તાબા હેઠળ જ રાખવા હિતાવહ છે. વધુમાં જણાવવાનું કે, આટકોટ પેટા વિભાગીય કચેરી હેઠળ કુલ 30 ગામો તથા તેમનો સિમવિસ્તાર આવેલો છે. જ્યારે જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ ફક્ત જસદણ શહેર અને ૮ ગામનો વિસ્તાર આવેલો છે તેમજ સદર ગામ જસદણ શહેરને જોડાયેલ જ વિસ્તાર છે. જેથી પાણી પુરવઠા હેતુના અગત્યનાં વીજજોડાણોમાં ખામી સર્જાય તો તે તાત્કાલિક દૂર થઈ શકે તે માટે સદર જોડાણો જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ જ નિભાવ થાય તે ખાસ જરૂરી અને પ્રજા હિતમાં છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે ઘણા વર્ષો પહેલા બાખલવડ ગામ ખાતે જસદણ નગરપાલિકા હેઠળ પાણી પુરવઠાના બે વીજજોડાણ આપેલ છે. સદર બન્ને વીજજોડાણ અનુક્રમે ગ્રાહક નં. (૧) ૩૪૯૦૧/૦૭૧૩૩/૫ અને (૨) ૩૪૯૦૧/૦૮૭૬૪/૯ થી બાખલવડ ગામ ખાતે હયાત છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ બાખલવડ ગામ આટકોટ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતું હોય સદર બંને વીજજોડાણમાં આટકોટ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં રહેલ દેવ **JGY** ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે તેમજ બાખલવડ ગામનું સંપૂર્ણ બિલીંગ પણ આટકોટ પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે. પરંતુ સદર બંને વીજજોડાણનું બિલીંગ - સમારકામ તથા ફરિયાદોનું નિવારણ જસદણ પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવે છે.

૪.3 જસદણથી બાખલવડ ગામનું અંતર ૦૬ કી.મી. જેવું થાય છે. તેમજ ચોમાસાની ઋતુમાં જસદણની પ્રજાની પાણીની સગવડતા માટે અવાર-નવાર સદર વીજજોડાણોમાં ફોલ્ટ ઉભો થાય ત્યારે આટકોટ અને જસદણ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રના લીધે બન્ને કચેરીના ફોલ્ટ સેન્ટરો વચ્ચે ગેરસમજને કારણે ફોલ્ટ દુર કરવા માટે સમય વેડફાતો હોય છે તેમજ અગવડતા ઉભી થાય છે. આમ સદર બંને વીજજોડાણોને કાયમ માટે જસદણ પેટાવિભાગીય કચેરી ખાતેથી આટકોટ પેટાવિભાગીય કચેરી ખાતે શિફ્ટ કરી આપવા તથા બિલીંગ અને ફોલ્ટ વગેરે કામગીરી પણ આટકોટ પેટાવિભાગીય કચેરી હેઠળ ફેરબદલ કરી આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ ની વિગતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ મુદ્દા નં**.** ૩.૨ ને ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે સદર બન્ને વીજજોડાણો દ્વારા જસદણ શહેરમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે જે પ્રાથમિક જરૂરિયાત હોય બન્ને વીજજોડાણોમાં વીજપુરવઠો સાતત્યપણે અને વીજવિક્ષેપ રહિત મળી રહે જે ખુબજ અગત્યનું હોય બન્ને પેટાવિભાગીય કચેરીનું કામગીરીનું ભારણ જોતા સદર જોડાણો જસદણ પેટા વિભાગીય કચેરી હેઠળ ચાલુ રાખવું હિતાવહ છે તે બાબતે સદર ફોરમ મીટીંગની સુનાવણીમાં હાજર રહેલ ઉપપ્રમુખશ્રી જસદણ નગરપાલિકા અરજદારશ્રી દીપકકુમાર જે**.** ગીડા તેમજ ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ અને નાયબ ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – જસદણ અને નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – આટકોટ દ્વારા સહમત થયેલ છે.

વધુમાં સદર બન્ને વીજજોડાણો આટકોટ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં રહેલ દેવ **JGY** ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે જેથી તેના વીજસમારકામ/ફોલ્ટ રીપેરીંગની કામગીરી આટકોટ પેટાવિભાગીય દ્વારા જ કરવાની રહેશે તેમજ સદર વીજજોડાણો પાણીપુરવઠાના હોવાથી અગ્રીમતા રાખીને ફોલ્ટ રીપેરીંગની કામગીરી કરવા માટે જો આટકોટ પેટા વિભાગીય કચેરીનો લાઈન સ્ટાફ અન્ય જગ્યાએ વ્યસ્ત હોય તો જસદણ પેટાવિભાગીય કચેરી દ્વારા અગ્રીમતા રાખીને સદર કામગીરી કરવાની રહેશે. તેમજ સદર બાબતે જસદણ વિભાગીય કચેરી દ્વારા – સદર વીજજોડાણોના રીપેરીંગમાં સમય ન વેડફાય તે બાબતે જસદણ પેટાવિભાગીય કચેરી અને આટકોટ પેટાવિભાગીય કચેરીના લાઈન સ્ટાફને સદર બાબતે સમયાંતરે યોગ્ય સુચના પાઠવવા અને યોગ્ય સંકલન રાખીને કામગીરી કરવાની પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯